### ટ્રાફિક પોલીસને મદદરૂપ થવા IITGnની નવી ક્વાયત

# શહેરમાં ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા IITGnના સ્ટુડન્ટ્સ મોડલ તૈયાર કરશે



શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિવસે દિવસે વિકટ બનતી જાય છે. લોકોને ટ્રાફિક પ્રત્યે સેન્સિટાઈઝ કરવા માટે તંત્ર દ્વારા પનિશમેન્ટ સિસ્ટમ અપનાવવામાં આવી છે. હેલ્મેટ, સીટબેલ્ટ, રોંગ સાઈડ ડ્રાઈવ સહિતના નિયમોને તોડનાર સામે ચલણ આપવામાં આવે છે. છતાંય લોકોમાં અવેર નથી થયાં. આવી જ રીતે લોકોમાં વેસ્ટ મેનેજમેન્ટ અને જેન્ડર ઈશ્યૂઝ પર આઈઆઈટી ગાંધીનગર ખાતે ડિઝાઈન ઈન્ટરવેન્શન ફોર બિહેવિયરલ ચેન્જ ઉપર ત્રણ દિવસીય પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટુડન્ટસને સાઈટ પર લઈ જઈ વિઝિટ પણ કરાવવામાં આવી હતી. જેમાં જાપાન એડવાન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના સ્ટુડન્ટ્સ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે આઈઆઈટી ગાંધીનગરમાં ખાસ ઉપસ્થિત રહેલા ટ્રાફિક વેસ્ટ ઝોનનાં ડીસીપી સંજય ખરાટે જણાવ્યું હતું કે, 'કેટલાક સમયથી સિટીમાં સેફટી પર્પઝ માટે હેલ્મેટ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. પણ લોકો તેને સિરિયસલી લેવાને બદલે પોતાની લાઈફ સાથે જ રમત રમતા હોય છે. હેલ્મેટ કેમ પહેરવા કરતાં કેમ ન પહેરવાના બહાનાઓ શોધી કાઢે છે. શહેરમાં ઠેર ઠેર લોકોને સેન્સિટાઈઝ કરવા માટે ઈમોશનલ પોસ્ટર પણ લગવવામાં આવ્યાં છે. જેથી તેઓ તે જોઈને કંઈક શીખે અને હેલ્મેટ પહેરતા થાય તેમજ ટ્રાફિકના નિયમોનું પાલન કરે.'

> **વેસ્ટ મેનેજમેન્ટ અને જેન્ડર ઇશ્યૂ ઉપર પણ જાપાનના સ્ટુડ્ન્ટસ સાથે મળી સોલ્યુશન મેળવવાના પ્રયત્નો કરાયા**

## લોકોને ટ્રાફિક પ્રત્યે સેન્સિટાઇઝ કરાશે



અમે સ્કૂલ્સ અને કોલેજોમાં જઇ સ્ટુડન્ટ્સને ટ્રાફિક પ્રત્યે તેઓને અવેર કરી રહ્યાં છીએ. હેલ્મેટનું મહત્ત્વ, સ્પીડ ડ્રાઇવથી થતાં ગેરફાયદા, સીટ બેલ્ટ સહિતના મુદ્દાઓ પર તેઓને માર્ગદર્શન આપવામા આવી રહ્યું છે. ત્યારે હવે આઇઆઇટી ગાંધીનગરના બિહેવિયરલ સાયન્સના સ્ટુડન્ટ્સ મોડલ તૈયાર કરી ટ્રાફિક પોલીસને આપશે જે લોકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની ફરજ પાડશે. આ મોડલમાં લોકોને કેવી રીતે ટ્રાફિક, તેમની ફેમિલી અને તેમની ફેમિલી પ્રત્યે સેન્સિટાઇઝ કરાશે. આ પ્રોજેક્ટમાં ખાસ યંગસ્ટર્સને ઇન્વોલ્વ કરાશે

-અક્ષયરાજ મકવાણા, ડીસીપી ટ્રાફિક

## ટ્રાફિકના નિયોમનું ઉલ્લંઘન કરનારને પોઝિટિવ વેમાં ટાસ્ક અપાશે



શહેરમાં ટ્રાફિક અને વેસ્ટ મેનેજમેન્ટનાં ઇશ્યૂ પર તંત્રે ધ્યાન કેન્દ્રિ કરી તેને લોકની સુખાકારી માટે સુયોગ્ય બનાવવાની દિશામાં પગલાં લેવાઇ રહ્યાં છે. હાલ શહેરમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારને સજા તરીકે ચલણ આપવામાં આવે છે પરંતુ તેને પોઝિટિવ વેમાં જોવા જઇ તો ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કપરનારને રિવોર્ડ આપવું જોઈએ તેમજ તેઓ પાસેથી વિવિધ ટાસ્ક કરાવવું જોઇએ. હવે આ દિશામાં વધુ કેવી રીતે ઇનોવેટિવ બનાવી શકાય તે અંગે જાપાનના તેમજ આઇઆઇટી ગાંધીનગરના સ્ટુડન્ટ્સ વધુ વર્ક કરશે.

- લસાલીલ લાઝાર, પ્રોફેસર

**Title:** IITGN students to prepare model to comply to traffic rules in the city
**Source:** Sandesh (City Life, Page no. 4)
**Link:** http://sandeshepaper.in/m/256235/5c19804a1f47b
**Date:** 19-12-2018